હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પ્રભુ, તમારા ઓળખાણમાં હોય તેવા નેતા મળવા આવ્યા છે... મારૂ તો માનવુ છે કે તેને અહી લાવવા કરતા આપજ બહાર જાવ...!!

ખ માર્ગ પર વાવોલ કટ પાસે ગાડી ચાલકે બાઈકને ટક્કર મારતા યુવકને ઈજા

ગાંધીનગર, તા.૧૬

શહેરના ખ-૨ થી ખ-૩ વાવોલ કટ પાસે ગઈરાત્રીએ કાર-બાઈક વચ્ચે અકસ્માત થયો હતો. વાવોલ કટ પાસે માર્ગ ઓળંગી રહેલા બાઈક ચાલકને કાર ચાલકે અડફેટે લેતા યુવક રોડ પર પટકાયો હતો. અકસ્માતને પગલે રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. જયારે બનાવને પગલે કોઈએ કોલ કરતા ૧૦૮ આવી ગઈ હતી. જેમાં યુવકને જમણી બાજુના કાન તેમજ મોઢાના ભાગે ઈજા પહોંચી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૫ એ સહકાર કોલોની પ્લોટ નં.૧૬૯ ખાતે રહેતા ૧૯ વર્ષિય ભાવિનસિંહ રાજુસિંહ રાઠોડ છેલ્લા બે વર્ષથી પિતાના મિત્રના ઘરે રહીને સમર્પણ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. યુવક પાસે કોલેજ આવન-જવા માટે જી.જે.૧૮.ડી.એન.-૫૩૭૨ નંબરનું પલ્સર બાઈક છે. ગત તા.૧૫ મે ના રોજ હુ રાત્રીના સમયે એકલો સરગાસણ ચોકડી ખાતે ગયો હતો. ત્યારબાદ યુવક સેકટર-૨૫ જવા માટે નીકળ્યો હતો. ત્યારે ખ માર્ગ પર વાવોલ કટ પાસે પસાર થતા સમયે ગાડીના ચાલકે તેની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રોડ ક્રોસ કરતા બાઈક સાથે અકસ્માત સર્જાયો હતો. કાર ટકરાતા બાઈક ચાલક યુવક નીચે પટકાયો હતો. જમણી બાજુના કાનના ભાગે તેમજ જમણીબાજુ મોંઢાના ભાગે ઈજા પહોંચી હતી. બનાવની જાણ થતા ૧૦૮ આવી પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયારે યુવકની સાથે ગાડી નં.જી. જે. ૧૮. બી. એમ.૩૩૦૭ ના ચાલક વાવોલ ગામના મયંક કુમાર પ્રવિણભાઈ સોલંકી પણ સાથે આવ્યા હતા. સિવિલ ખાતે ડોકટરે પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે યુવકના પિતાના મિત્ર જગતસિંહ અમરસિંહ મકવાણા એસએમવીએસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.

અલુવા પાસેથી ટ્રક-કારમાંથી ૧૩૯૬ વિદેશી દારુની બોટલ મળી

એલસીબી-પોલીસે કાર, ટ્રક, દારુ, મોબાઈલ મળી કુલ રૂ.૧૭.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



ગાંધીનગર, તા.૧૬

પેથાપુર-મહુડી માર્ગ પર આવેલા અલુવા ગામની સીમમાંથી એલસીબી પોલીસે ટ્રક અને કારનો પીછો કરીને ૧૩૯૬ નંગ વિદેશી દારૂનો જથ્થો મળી કુલ રૂ. ૧૭.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે અંધારાનો લાભ લઈ બંને ચાલકો બિનવારસી વાહન મુકીને નાસી જવામાં સફળ રહ્યા હતા. બનવા અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લામાં દેશી-વિદેશી દારુની હેરાફેરી તેમજ વેચાણની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા જિલ્લા પોલીસ વડા તરુણ દુગ્ગલ દ્વારા સુચના આપવામાં આવતા એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવની ટીમ કલોલ તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી . તે દરમિયાન બાતમી મળી હતી કે રાજસ્થાન પાર્સિંગની ટ્રક નં. આર.જે.૨૭.જી.ડી.-૮૧૮૮ વિદેશી દારુ ભરીને અલુવા ગામ તરફ જઈ રહી છે. જેથી પોલીસે વોચ ગોઠવી અલુવા વિજાપુર પર બાતમીવાળી ટ્રક દેખાતા તેનો પીછો કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ પીછો કરી રહી હોવાનો અંદાજ આવી જતા ડ્રાઈવર-કંડકટર ટ્રક મુકીને નાસી ગયા હતા. જયારે અન્ય એક બલેનો ગાડી નં. જી.જે.૦૨.ડી.એમ.-૨૩૧૧ નો ચાલક પણ ગાડી મુકીને ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે બંન્ને વાહનો ચેક કરતા કિ.૨.૭૮ લાખની કિંમતની વિદેશી દારુની ૧૩૯૬ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૦ લાખની ટ્રક, બલેનો ગાડી કિં.રૂ.૫ લાખ, મોબાઈલ નંગ-૧ રૂ.૨ હજાર મળી કુલ રૂ.૧૭,૮૦,૦૨૫ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

ખ-૭ સર્કલ નજીક વણપુરાયેલા ખાડાથી અકસ્માતનું જોખમ..!!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના ખ-૭ સર્કલ નજીક હનુમાનજીનું મંદિર આસપાસની શ્રધ્ધાળુ જનતાની આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિર પાસે પાણી પુરવઠા દ્વારા પાણીની લાઈનના કામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું પરંતુ તે પછી લગભગ ત્રણેક માસનો સમય વીતવા છતાં અંહી ખોદેલો અંદાજે વીસેક ફુટનો ઉંડો ખાડો કોઈ અગમ્ય કારણોસર જેમનો તેમ રહેવા દેવાયો છે તેવું આ વિસ્તારના નાગરિકોનું કહેવું છે. આ ખાડાને કારણે શ્રધ્ધાળુઓને મંદિર સુધી જવાનો રસ્તો પણ બંધ થઈ જવા પામ્યો છે અને અકસ્માતનું જોખમ ખડું થવા પામ્યું છે.

શહેરમાં ઘણા સમયથી પાણીની નવી પાઈપલાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્ય દરમ્યાન અનેક સ્થળે ખાડા ખોદ્યાં પછી તેમનાં માટી પુરાણ અપુરતું કરાયું હોય, લાંબા સમય સુધી પુરાણ કરવાનું બાકી રખાયું હોય, ખાડા ખોદતી વખતે વૃક્ષોને કે અન્ય લાઈનોને નુકસાન થયું હોય તેવી ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામી રહી છે. આ ખોદકામ દરમ્યાન કેટલેક ઠેકાણે મસમોટા ખાડા પડી જવાને પગલે વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો હોય તેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે. ખ-૭ સર્કલ પાસેના હનુમાનજીના મંદિર પાસે છેલ્લાં ત્રણેક માસથી પુરાણ કર્યા વગર છોડી દેવાયેલો છે જેમાં હજું કામ અધુરું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. આ ખાડો શ્રધ્ધાળુઓ માટે તો મંદિર સુધી

જવામાં ભારે અડચણરૂપ બન્યો જ છે પરંતુ તે સાથે સાથે અંહીથી પસાર થતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ખડું કરી રહ્યો છે. અહીં જે મોટો ખાડો પડેલો છે જેને હજુ સુધી પુરવામાં આવ્યો નથી જેમાં જે પણ કામ બાકી હોય તેને સત્વરે પૂર્ણ કરીને ખાડાને ઝડપથી પુરવામાં આવે અને આગામી ચોમાસાને અનુલક્ષીને તેમાં પુરતું વોટરિંગ કરીને યોગ્ય માત્રામાં માટી પુરાણ કરવામાં આવે તેવી આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે.

ખૂણેખાંચરેથી

● જિલ્લા માહિતી અધિકારી વ નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાને આજે તેમના વિસ્તારના મુલાકાતીઓની રજુઆતો સાંભળવા મહિલા બાળ વિકાસ સમિતિના ચેરમેનની ચેમ્બરમાં બેસવુ પડ્યું હતુ. છેલ્લા છ મહિનાથી ઉપપ્રમુખની ચેમ્બર પંચાયતમાં છે જ નહિ.

● આત્મા મેનેજમેન્ટ કમિટીની આજે એક બેઠક સંયુક્ત ખેતી નિયામક વિસ્તરણના અધ્યક્ષપદે મળી હતી જેમાં પ્રાકૃત્તિક ખેતીની પદ્ધતિ વધુ ને વધુ ખેડૂતો અપનાવે તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

● સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં આજે નહિવત્ મુલાકાતીઓ જણાયા હતા.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ૧૯-૨૦-૨૧ના રોજ ગ્રીષ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે દક્ષિણના પવનો ફુંકાયા હતા પરંતુ વરસાદની હાલ કોઈ શક્યતા નહિ હોવાનું હવામાન ખાતાના સૂત્રોએ જણાવ્યુ છે.

● આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની ગર્વનીંગ બોડીની બેઠક મળશે.

● કલેકટરના અધ્યક્ષપદે ક્વોલીટી એસ્યોરન્સ સહિત આરોગ્યની વિવિધ સમિતિઓની બેઠક મળશે.

● કલોલના અલુવા ગામની સીમમાં પોલીસે ટ્રક અને કારમાંથી ૧૩૯૬ નંગ બોટલ વિદેશી દારૂનો જથ્થો પકડ્યો છે.

● દહેગામમાં બેંક ઓફ ઈન્ડિયાની બજારમાં આવેલી શાખામાં આજે સવારે આગ લાગવાની ઘટનાથી અફડા-તફડીનો માહોલ જોવા મળ્યો હતો.

વ્યવસાયલક્ષી ઉચ્ચ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ માટે 'સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ'નું આયોજન

ગાંધીનગર તા.૧૬

ગાંધીનગરની સાયબેજ સોફ્ટવેર કંપનીના સાયબેજ ખુશ્બુ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર તથા અમદાવાદમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ માટે 'સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ કાર્યક્રમ - ૨૦૨૨-૨૩' શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ ઓને વ્યવસાયલક્ષી ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ કાર્યક્રમ - ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ તથા ગાંધીનગરમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ અરજી કરી શકે છે જેમાં વ્યાવસાયિક અભ્યાસક્રમો જેવાં કે એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, મેડિસિન અને સંબંધિત અભ્યાસક્રમો જેમ કે ફાર્મસી, ડેન્ટિસ્ટ્રી, હોમિયોપેથી અને ફિઝીયોથેરાપી વગેરે નર્સિંગ, એમએસડબલ્યુ, બીસીએ, એમસીએ, હોટલ મેનેજમેન્ટ અને અન્ય વ્યાવસાયિક ડિગ્રી અભ્યાસક્રમોના ફક્ત પ્રથમ વર્ષના અરજદારોને લાગુ પડે છે. આ યોજના અંગે વધુ માહિતી માટે સપ્તાહના સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન હિમાંશુભાઈનો મો.નં.૯૦૯૯૯ ૨૯૯૨૧ પર સંપર્ક કરવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાયબેજ ખુશ્બૂ એ સાયબેજની પરોપકારી પહેલ છે જે શિષ્યવૃત્તિ કાર્યક્રમો અને શિક્ષણ પરામર્શ દ્વારા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણની સુવિધા આપે છે.

કેવી રીતે અને કોણ અરજી કરી શકે?

સાયબેજ ખુશ્બુ શિષ્યવૃત્તિ કાર્યક્રમ - ૨૦૨૨-૨૩ અંતર્ગત ગાંધીનગર-અમદાવાદના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે જે લાયકાત માપદંડ નિયત કરાયાં છે તે અનુસાર અરજદારે બંને વર્ષમાં ઓછામાં ઓછા ૬૦% ની સાથે ૧૦ અને ૧૨ ધોરણ પાસ કર્યા હોવા જોઈએ તેમજ તેના પરિવારની કુલ વાર્ષિક આવક રૂ.૪ લાખથી ઓછી હોવી જોઈએ. તમામ અરજદારોએ ઓનલાઈન ફોર્મ ભરવું ફરજિયાત છે અને ઓનલાઈન ફોર્મ ભરવાની લિંક તા.૧૬મી મે,૨૦૨૨થી તા.૩૧મી મે, ૨૦૨૨ સુધી ખુલ્લી રહેશે. તમામ અરજદારોએ ઓનલાઈન ફોર્મ ભરવું ફરજિયાત છે જેની લીંક : **http://www.cybagekhushboo. org/** મુજબ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેક્ટર-૨માં બિરાજમાન શ્રી નર નારાયણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધા-કૃષ્ણ દેવને અસહ્ય ગરમીમાં સ.ગુ. મહંત સ્વામી શ્રી પુરુષોત્તમ પ્રકાશ દાસજી ની પ્રેરણાથી ઠંડકના પ્રાદુલય ભાવ સ્વરૂપે ચંદનના વાઘા ધરાવવામાં આવ્યા હતા અને તેના ઉપર ડ્રાયફ્રુટ દ્વારા નયનરમ્ય શણગાર કરવામાં આવ્યો હતો. જેના દર્શન સર્વે હરિભક્તો કરી ભાવવિભોર બન્યા હતા.

મગોડી રાહદારીને ટકકર મારી નાસી જનાર બાઈક ચાલક ઝડપાયો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં હીટ એન્ડ રનની ઘટનાઓ વધી રહી છે. ત્યારે મગોડી ખાતે બળીયાદેવ મંદિર પાસે રાત્રીના સમયે હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં મગોડીના આધેડનું મૃત્યુ થયું હતું. ચિલોડા પોલીસે આધેડને ટક્કર મારી નાસી જનાર બાઈક ચાલકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મગોડી ગામે રહેતા આધેડ બુધાજી નેનાજી ઠાકોરને ગત શનિવારના રોજ રાત્રીના આઠ વાગ્યાના અરસામાં ગામના બળીયાદેવ મંદિર પાસે ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે બાઈક ચાલકે તેઓને ટક્કર મારી હતી. અકસ્માત બાદ બાઈક ચાલક નાસી ગયો હતો. બનાવને પગલે તેઓના પુત્ર સહિતના ગ્રામજનો દોડી આવ્યા હતા. બુધાજીના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયુ હતુ. આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એમ.જી.જાડેજાએ સ્ટાફને સુચના આપી હતી. જેથી પોલીસ ટીમે સર્વેલન્સના પગલે તપાસ શરુ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને અકસ્માત સર્જીને ભાગી જનાર બાઈક ચાલકે લાલ કલરનો શર્ટ પહેર્યોહોવાનું સામે આવ્યું હતું. પોલીસે દહેગામના સાંપા કાલીપુરા ખાતે રહેતા સુરેશકુમાર કાંતિસિંહ ઝાલાને પકડી પાડી હીટ એન્ડ રનની ઘટનાનો ભેદ ઉકેલી નાંખી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર રજવાડી પાન પાર્લર સામે ગોડાઉનમાંથી છોટા હાથી ટેમ્પોની ચોરી

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર થી મહુડી માર્ગ પર ઉમીયા પેટ્રોલ પંપની સામે રજવાડી પાન પાર્લરની બાજુમાં ગોડાઉનમાંથી છોટા હાથી ટેમ્પાની ચોરી થવા પામી છે. દોઢ લાખના છોટા હાથીની ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ચોકડી વાઘેશ્વરી સોસાયટીની પાછળ રાંધેજા રોડ પર રહેતા ૩૭ વર્ષિય રાજુલાલ બાલુજી ગજ્જર ભંગારના વેપાર સાથે સંકળાયેલ છે. ફરીયાદીના બનેવી પ્રભુલાલ કેશુજી ગજ્જર ક્રિમ કલરનું છોટા હાથી નં. જી.જે.૧૮.એ.એકસ.-૦૬૪૮ વર્ષ ૨૦૧૩ ના મોડલનુ હતું. ગત તા.૧૫ મે ના રોજ છોટા હાથી સાંજના પાંચ વાગ્યાના અરસામાં ઉમિયા પેટ્રોલ પંપની સામે રજવાડી પાન પાર્લરની બાજુમાં ગોડાઉન હોય ત્યાં છોટા હાથી ટેમ્પો મુકીને અમારા ઘરે આવી ગયા હતા. ત્યારે ભાણો રમેશ પ્રભુજી ગજ્જર લોકડાઉનમાં રહેતો હોય જેઓએ સવારના સાત વાગ્યાના સુમારે ફોન કરીને મામા છોટા હાથી (ટેમ્પો) ગોડાઉનમાં છે નહી. જેથી ફરીયાદી તાત્કાલીક ગોડાઉન પર પહોચી ગયા હતા અને આસપાસના વિસ્તારમાં છોટા હાથીની શોધખોળ આદરી હતી. પરંતુ છોટા હાથી મળી આવ્યું ન હતું. પેથાપુર પોલીસ મથકે છોટા હાથી ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગાંધીનગરના ઉપક્રમે કેન્સરની સારવાર અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન, ગાંધીનગરના ઉપક્રમે કેન્સરની સારવાર અંગે 'ધ લીલા હોટલ' ગાંધીનગર ખાતે CME કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં એપોલો હોસ્પિટલના ખ્યાતનામ સિનિયર કન્સલ્ટન્ટ રેડિએશન ઓંકોલોજિસ્ટ ડૉ. ચિરાગ અમીને **'Era of Modern Techniques of Radiotherapy in Oncology** તેમજ ડૉ. ઋષિત શાહે **'Improving Survival in Oncology-Newer Therapies'** વિષય અંગે ઉપસ્થિત સૌ તબીબશ્રીઓ સમક્ષ વિસ્તૃત છણાવટ કરી હતી.મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટે કોરોના મહામારીકાળમાં રાત-દિવસ જોયા વગર પોતાની પરવાહ કર્યા સિવાય દર્દીઓની અવિરતપણે સેવા કરનાર તબીબોની કામગીરીને બિરદાવીને સૌનો સહૃદય આભાર વ્યક્ત કર્યો હતો.

શહેર ભાજપના અગ્રણી સંજીવ મહેતાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ૩૦,૦૦૦ જેટલી સગર્ભા બહેનોની વિનામૂલ્યે સોનોગ્રાફી કરનાર છે જે આવકારદાયક છે. આ પ્રસંગે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન, ગાંધીનગરના પ્રેસિડન્ટ ડૉ. અનિલ ચૌહાણે જણાવ્યું હતું કે તબીબોને લગતા પ્રશ્નો હલ કરવામાં રાજ્ય સરકારે હંમેશા સહયોગ આપ્યો છે તે બદલ સરકારનો આભાર માનીએ છીએ. મૌલિક દરજી તથા ધ્રુવ પટેલે એપોલો સીબીસીસીના સહયોગથી સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ગુજરાત રાજ્ય સેનવા રાવત વિકાસ સંઘ દ્વારા ગાંધીનગર ખાતે ૧૯મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ઝાંઝરકા સમાધિ સ્થાનના મહંત શંભુપ્રસાદ ટુંડીયા, કેબીનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, ઈડર વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા, અનુ. જાતિ મોરચાના પ્રદેશ મહામંત્રી ગૌતમભાઈ ગેડીયા, મનપાના મેયર હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જશુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપત્તિઓને આશિર્વાદ આપ્યા હતા.

ગુજરાત રાજ્ય બીજ નીગમ લિમિટેડ
બીજ ભવન, સેક્ટર નં.૧૦-અ, ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન નં. ૨૩૨૫૬૬૮૮, ૨૩૨૫૬૬૯૨

કોમ્પ્યુટર, પ્રિન્ટર, લેપટોપના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટનું ટેન્ડર

નિગમની વડી કચેરી ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને લેપટોપની સર્વિસની કામગીરી કરવાનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા માટે સંબંધિત પાર્ટીઓ પાસેથી ઓફલાઈન ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ઓફલાઈન ટેન્ડર તા. ૩૦/૫/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં બીજ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે મોકલી આપવાનું રહેશે. ટેન્ડરની વિગત વેબસાઈટ www.gurabini.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર તા. ૩૧/૫/૨૦૨૨ના રોજ ખોલવામાં આવશે.

સહી/-
(પી.એસ. રબારી)
મેનેજીંગ ડીરેક્ટર